## - સાફલ્ય ગાથા -

## તા ૨૯/૧૨/૨૦૧૪ થી તા ૦૪/૦૧/૨૦૧૫

## પ્રેસનોટ

## દિશાહિન ખૂન કેશની ગણતરીના દિવસોમાં માં ભેદ ઉકેલી આરોપીને ઝબ્બે કરતી એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય

ગઇ તા.૨૫/૧૨/૨૦૧૪ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે સેલાગામના તળાવ બસ સ્ટેન્ડ પાસે થી એક અજાણ્યા પૂરૂષ ઉ.વ. ૪૦ ના આશરાની લાશ કોથળામાં ભરેલ હાલતમાં મળી આવેલ જે સંબધે ની જાણ ગામના સંરપંચશ્રી એ કરતા પ્રથમ અ-મોત દાખલ કરી સામુહિક આરોગ્ય કેન્દ્ર સાંણદ ખાતે પેનલ ડોર્કટરથી પોસ્ટ મોર્ટમ કરવતા તજવીજ કરી લાશની ઓળખ અર્થે પ્રયાશ હાથ ધરેલ

**અજ્ઞાત સ્થળે મોત નિપજાવી પૂરાવાનો નાશ કરવાના હેતુ સર લાશ ફેકી ગયેલા નુ તપાસ દરમ્યાન સામે આવ્યુ.**

મરનારની લાશનુ પી.એમ. કરાવતા મેડીકલ ઓફીસરશ્રી નો ગંભીર ઇજાના કારણે મોત થયેલાનો અભીપ્રાય આવેલ જેથી, લાશ જે જગ્યાથી મળેલ તે જગ્યા, લાશની સ્થિતિ અને મોતનુ કારણ જોતા કોઇ અજાણ્યા ઇસમે કોઇ અગમ્ય કારણોસર કોઇ અજ્ઞાત જગ્યાએ મરણજનાર અજાણ્યા ઇસમને મારમારી ગંભીર ઇજાઓ કરી મોત નિપજાવી પુરાવાનો નાશ કરવાના હેતુસર લાશને કોથળામાં ભરી નાખી ગયેલાનુ જણાતા ખૂન અને પુરાવાના નાશ સંબધે બોપલ પો.સ્ટે. ગુન્હો નોધાવામાં આવેલ અને લાશની ઓળખ થયેલ ન હોઇ મરણજનારના ખૂન સંબધે કોઇ મહત્વની કડી હાથ લાગેલ નહિ જેથી દીશાહિન ખૂન કેશમાં મહત્વની કડી મેળવવા લાશની ઓળખ થવી આવશ્યક હોઇ તે દિશામાં તપાસ હાથ ધરેલ

**લાશ ખાનગી સીક્યુરીટી ના ગાર્ડમેનની હોવાની ઓળખાયેલ**

બનાવ બ્લાઇન્ડ મર્ડર મીસ્ટ્રીનો હોઇ ગુન્હા ની ગંભીરતા ધ્યાને લઇ શ્રી, નિર્લીપ્તરાય પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય નાઓએ

એલ.સી.બી તેમજ એસ.ઓ.જી.અમદાવાદ ગ્રામ્ય અને સ્થાનિક પોલીસના માણસોની અલગ અલગ ટીમો બનાવી, ગુન્હો શોધવા સૂચના કરેલ તેના ભાગ રૂપે શ્રી એ.વાય. બલોચ પો.સ.ઇ. એલ.સી.બી, અને ટીમે ગુન્હાવાળી જગ્યાની વીજીટ કરી ગુન્હાનો અભ્યાસ કરતા મરણજનાર ખાનગી સિક્યુરીટી માં ફરજ બજાવતો હોવાના અનુમાન સાથે પ્રથમ લાશની ઓળખ અર્થે પ્રયાશ હાથ ધરેલ તેના પરીણામ સ્વરૂપ લાશ ની ઓળખ રામઅવતારસીહ ભાગવતસીહ ઠાકુર ઉવ. ૫૫ રહે. ચોસંડ તા. અંત્તરા જી. બાંદા (ઉ.પ્ર.) તરીકે થયેલ

## મિત્ર એ મિત્રનુ સામાન્ય તકરારમાં ખૂન કર્યુ

આમ, લાશની ઓળખ થતા મરણજનારની રહેણી કરણી તથા તેના મિત્રો સંબધે માહિતિ એકઠી કરતા મરણ જનાર ચીડીયા સ્વભાવના હોઇ તે કારણસર અવાર નવાર લોકો સાથે તકરાર થતી હોવાનુ ધ્યાન પર આવતા ચોક્કસ દિશામાં ધ્યાન કેન્દ્રીત કરી પોલીસ અધિક્ષકશ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરેલ તેના ફળ સ્વરૂપ ચોક્કસ બાતમી આધારે શ્રી. એ.વાય બલોચ પો.સ.ઇ એલ.સી.બી અને ટીમે શેલા ખાતે થી આરોપી ને ઝડપી લીધેલ

## સામાન્ય તકરારમાં મોત નિપજાવેલાની હકિકત સામે આવી

(૧) રમેશભાઇ જાગીરામ જાતે રામ (હરીજન) ઉ.વ. ૩૮ રહે. હાલ સેલાગામ તા.સાંણદ મંહમદઅલીના મકાનમાં મૂળગામ જનતાનગર બજાર, પોસ્ટ,પંડીતપુર તા. છપરા, થાના જનતા નગર, જી છપરા-સાંરગ (બીહાર)

ની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા મરણજનાર અગાઉ છ મહિના ઉપર સેલા ખાતે માઇકા કંપનીમાં ખાનગી સીક્યુરીટી તરીકે ફરજ બજાવતો હતો તે સમયે સંર્પક માં આવતા પરીચય થતા મિત્રતા થયેલ અને બનાવના દિવસે મરણ જનાર સાથે તકરાર થતા ઉશ્કેરાઇ જઇ તેનુ ગળુ દબાવી નીચે પછાડતા તે ઉભો થઇ ફરીથી મારવા આવતા માથા ના પાછળના ભાગે લાકડુ મારતા નીચે પડી ગયેલ અને મરણ જતા ડરના કારણે લાશને સગેવગે કરવા રાતના સમયે કોથળામાં લાશ ભરી નાખી દિધેલાની કેફીયત આપેલ



આમ સપ્તાહ દરમ્યાન વણ શોધાયેલ ખુનના ગુનાનો ભેદ ઉકેલી આરોપી અટક કરી સારી કામગીરી જીલ્લા એલ.સી.બી.ધ્વારા કરવામાં આવેલ છે.

(નિર્લિપ્ત રાય)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ